# RTE ACT-2009ની કલમ ૧૨.૧ (સી) હેઠળ ૨૫% મુજબ (નબળા અને વંચિત જૂથના બાળકો) ખાનગી નોન-ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં પ્રવેશની કાર્યવાહી સબંધે વારંવાર પૂછાતા પ્રશ્નો

## FAQ-RTE

---

૧. **RTE પ્રવેશનાં પ્રથમ રાઉન્ડનાં અંતે અને બીજા રાઉન્ડ પહેલા શાળાઓની પસંદગીમાં ફેરફાર કરી શકાશે?**

**હા**, RTE હેઠળ પ્રવેશનો પ્રથમ રાઉન્ડ જાહેર થયા બાદ પ્રવેશ ફાળવેલ જે તે શાળામાં જઈ વિદ્યાર્થીઓએ સમયમર્યાદામાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે. તથા, જે તે શાળાએ જરૂરી તમામ ડોક્યુમેન્ટ જમા કરાવી વેબપોર્ટલ પર સમયમર્યાદામાં અપલોડ કરવાનાં રહેશે. **સમયમર્યાદામાં પ્રવેશ ન મેળવનાર વિદ્યાર્થીનો RTE પ્રવેશ રદ કરવામાં આવશે. ત્યારબાદ બીજા રાઉન્ડમાં પ્રવેશ ફાળવતા પહેલાં પ્રથમ રાઉન્ડનાં અંતે પ્રવેશથી વંચિત રહેલા વિદ્યાર્થીઓને SMSથી જાણ કર્યા બાદ જણાવેલ સમયમર્યાદામાં વેબપોર્ટલ પર જઈ પોતાનો એપ્લિકેશન નંબર અને જન્મ તારીખ નાખી લોગ ઈન થઈ ખાલી જગ્યા વાળી ઉપલબ્ધ શાળાઓ પૈકી પોતાની પસંદગી મુજબની શાળાઓ પુનઃ પસંદ કરી શકશે. જો SMS ના મળે તોપણ પ્રથમ રાઉન્ડ બાદ વેબપોર્ટલ પર જઈ આપ પસંદગીની શાળામાં જણાવેલ સમયગાળા દરમિયાન ફેરફાર કરી શકશો. પ્રથમ રાઉન્ડમાં જે વિદ્યાર્થિઓને પ્રવેશ ફાળવેલ હોય અને જે તે શાળામાં પ્રવેશ મેળવેલ હોય કે ના મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ પ્રથમ રાઉન્ડ બાદ અને બીજા રાઉન્ડ પહેલા પુનઃ શાળાની પસંદગી કરી શકશે નહી.**

૨. **નામદાર સુપ્રીમ કોર્ટમાં કેસ પેન્ડીગ હોય તેવી લઘુમતી શાળાઓ પ્રવેશ માટે પસંદ કરી શકાશે?**

જે શાળાઓ લઘુમતી હોવાનો દાવો કરતી હોય અને તેવી શાળાઓ પાસે પ્રાથમિક શાળા લઘુમતી હોવા અંગેનું સક્ષમ અધિકારીનું લઘુમતી દરજ્જાનું પ્રમાણપત્ર ન હોય અને નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ પીટીશન SLP(C) NO. 21715/2018માં પક્ષકાર તરીકે જોડાયેલ હોય તેવી શાળાઓને પણ વેબપોર્ટલ ઉપર RTE પ્રવેશ માટે દર્શાવવામાં આવેલ છે. જે વાલી/વિદ્યાર્થી આવી શાળાઓ RTE પ્રવેશ માટે પસંદ કરશે અને પ્રવેશ ફાળવ્યા બાદ આવી શાળાઓ પ્રવેશ આપવાની ના પાડશે તો આવી શાળાઓ સામે સુપ્રીમ કોર્ટની સુચના મુજબ કડક કાર્યવાહી કરી શકાશે નહી. આથી, RTE હેઠળ આવી શાળાઓમાં પ્રવેશ નામદાર સુપ્રીમ કોર્ટના આખરી ચુકાદાને આધિન રહેશે. જેની સર્વે વિદ્યાર્થી/વાલી નોંધ લઈ આવી શાળાઓ પસંદ કરવાની રહેશે. એકવાર પ્રવેશ ફાળવ્યા બાદ જો નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો સરકારશ્રીનાં વિરુદ્ધમાં આવશે તો તેવા વિદ્યાર્થીઓને જે તે સમયે ઉપલબ્ધ ખાલી જગ્યાઓ, અંતરનો માપદંડ, માધ્યમ વગેરે જળવાતા હશે તો જ તેઓનો અન્ય જગ્યાએ સમાવેશ કરવામાં આવશે. અન્યથા પ્રવેશ રદ થશે. તે ધ્યાને રાખી આવી શાળાઓની પસંદગી કરવાની રહેશે. .

**૩. RTE હેઠળ કઈ કઈ કેટેગરીને અગ્રતાક્રમ મુજબ પ્રવેશ ફાળવવામાં આવે છે?**

- શાળા ફાળવણી ઠરાવ મુજબ નીચે દર્શાવેલ કેટેગરીનાં અગ્રતાક્રમ મુજબ કરવામાં આવશે.

1. અનાથ બાળક
2. સંભાળ અને સંરક્ષણની જરૂરીયાતવાળુ બાળક
3. બાલગૃહનાં બાળકો
4. બાળમજુર/સ્થળંતરીત મજૂરનાં બાળકો
5. મંદ બુદ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંક અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪(૧)માં દર્શાવ્યા મુજબનાં તમામ દિવ્યાંગ બાળક
6. HIVથી અસરગ્રસ્ત બાળકો
7. ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધ લશ્કરી/પોલિસદળનાં જવાનનાં બાળકો
8. ૦ થી ૨૦ આંક ધરાવતા તમામ કેટેગરી (SC, ST, SEBC, જનરલ તથા અન્ય) ના BPL કુંટુંબના બાળકો
9. અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીના બાળકો
10. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / અન્ય પછાત વર્ગ / વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો

    સદર કેટેગરીમાં વિચરતી અને વિમુક્ત જાતિના બાળકોને પ્રવેશમાં પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

11. જનરલ કેટેગરી/ બિન અનામત વર્ગના બાળકો

**૪. RTE હેઠળ પ્રવેશ મેળવવા માટે આવકની મર્યાદા શું છે?**

ઉપરોક્ત દર્શાવેલ ૯,૧૦ અને ૧૧ નંબરની કેટેગરીમાં આવતા બાળકો માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકારનાં ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૧/૪૩૭/અ-૧, તા. ૨૪/૧૦/૨૦૧૭ મુજબ અને આદિજાતિ વિકાસ વિભાગનાં ઠરાવ ક્રમાંક: છતલ/૧૫૨૦૧૧/૯૮/ગ, તા. ૨૪/૧૦/૨૦૧૭ મુજબ આવક મર્યાદા લાગુ પડશે. ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૧,૫૦,૦૦૦/-ની આવક મર્યાદા લાગુ પડશે. વધુમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વખતો વખત જે આવક મર્યાદા નક્કી કરવામાં આવશે તે જે તે શૈક્ષણિક વર્ષના પ્રવેશ માટે લાગુ પાડવાની રહેશે. સૌથી ઓછી આવક ધરાવતા કુટુમ્બનાં બાળકોને પ્રવેશમાં અગ્રતા આપવામાં આવશે.

## ૫. RTE હેઠળ પ્રવેશ મેળવવા માટે કયાં આધાર પુરાવા જોઇશે.?

| | | |
|---|---|---|
| 1 | રહેઠાણ નો પુરાવો | આધારકાર્ડ / પાસપોર્ટ / વીજળી બિલ / પાણી બિલ /ચૂંટણી કાર્ડ / ડ્રાઇવિંગ લાયસન્સ / રેશન કાર્ડ/ નોટોરઈઝ્ડ ભાડા કરારનામું |
| 2 | વાલીનું જાતીનું પ્રમાણપત્ર | મામલતદારશ્રી અથવા સમાજ કલ્યાણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી અથવા સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર |
| 3 | જન્મનું પ્રમાણપત્ર | ગ્રામ પંચાયત/નગર પાલિકા , મહાનગર પાલિકા, જન્મ/હોસ્પિટલ નોંધણી પ્રમાણપત્ર / આંગણવાડી , બાલવાડી નોંધણી પ્રમાણપત્ર /માતા-પિતા કે વાલીનું નોટોરાઈઝડ સોગંદનામું |
| 4 | ફોટોગ્રાફ | પાસપોર્ટ સાઈઝ કલર ફોટોગ્રાફ |
| 5 | વાલીની અવાકનું પ્રમાણપત્ર | જુનો આવકનો દાખલો હોય તો મામલતદારશ્રી , તાલુકા વિકાસ અધીકારી અથવા સક્ષમ સત્તાધીકારીનું પ્રમાણપત્ર માન્ય રહેશે. નવો આવકનો દાખલો માત્ર ઈ-ધારા કેન્દ્રનો જ માન્ય ગણાશે. |
| 6 | બીપીએલ | ૦ થી ૨૦ આંક સુધીની BPL કેટેગરીમાં આવતા વાલીએ ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી અથવા નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનો દાખલો રજુ કરવાનો રહેશે જ્યારે શહેર વિસ્તાર માટે મહાનગરપાલિકાના કિસ્સામાં નાયબ મ્યુનિસિપલ કમિશ્નર અથવા મહાનગર પાલિકાએ અધિકૃત કરેલ સક્ષમ અધિકારીનો દાખલો, નગરપાલિકા વિસ્તારમાં નગર પાલિકાના ચીફ ઓફિસરનો દાખલો અને નોટીફાઈડ વિસ્તારમાં મુખ્ય કારોબારી અધિકારી અથવા વહીવટી અધિકારીનો દાખલો રજુ કરવાનો રહેશે. BPL રેશનકાર્ડ આધાર તરીકે માન્ય ગણાશે નહિ |
| 7 | વિચરતી જાતિઓ અને વિમુકત જનજાતિઓ | મામલતદારશ્રી અથવા સમાજ કલ્યાણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી અથવા સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર |
| 8 | અનાથ બાળક | જે તે જીલ્લા ની ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC) નું પ્રમાણપત્ર |
| 9 | સંભાળ અને સંરક્ષણની જરૂરિયાત વાળું બાળક | જે તે જીલ્લા ની ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC) નું પ્રમાણપત્ર |
| 10 | બાલગૃહ ના બાળકો | જે તે જીલ્લા ની ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC) નું પ્રમાણપત્ર |
| 11 | બાળમજૂર / સ્થળાંતરીત મજુરના બાળકો | જે તે જીલ્લા ની ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC) અથવા લેબર અને રોજગાર વિભાગ નું પ્રમાણપત્ર |
| 12 | સેરેબ્રલી પાલ્સી વાળા બાળકો | સિવિલ સર્જન પ્રમાણપત્ર |
| 13 | ખાસ જરૂરિયાત વાળા બાળકો (દિવ્યાંગ) | સિવિલ સર્જન નું પ્રમાણપત્ર (લઘુતમ 40%) |
| 14 | એચ.આઈ.વી ગ્રસ્ત બાળક | સિવિલ સર્જન પ્રમાણપત્ર |
| 15 | શહીદ થયેલ જવાનના બાળકો | સંબંધિત ખાતાના સક્ષમ અધિકારીનો દાખલો |
| 16 | બાળકનું આધારકાર્ડ | બાળકના આધારકાર્ડની નકલ |
| 17 | વાલીનું આધારકાર્ડ | વાલીના આધારકાર્ડની નકલ |
| 18 | બેંકની વિગતો | બાળક કે વાલીના બેંક ખાતાની પાસબુકની ઝેરોક્ષ |

પુરાવાની યાદી નીચે દર્શાવેલ લિંક પરથી પણ મેળવી શકો છે.

http://www.rtegujarat.org/Home/RequiredDocuments અને,

https://rte.orpgujarat.com

**આધાર-પુરાવા જે તે સક્ષમ અધિકારીના જ હોય તેવી ખાસ તકેદારી રાખવી.**

૬. **RTE હેઠળ પ્રવેશ મેળવવા પ્રવેશ માટે વય મર્યાદા કેટલી છે?**

પહેલી જુન ના રોજ બાળકની ઉંમર ૫ થી ૭ વર્ષ વચ્ચે હોવી જોઇએ. દા.ત. પ્રવેશ ૨૦૧૯-૨૦ માટે બાળકની જન્મ તારીખ ૦૨/૦૬/૨૦૧૨ થી ૦૧/૦૬/૨૦૧૪ ની વચ્ચે હોવી જોઇએ.

૭. **RTE હેઠળ પ્રવેશ મેળવવા કેટલા માધ્યમ પસંદ કરી શકાય?**

આપ જે માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છો છો તે માધ્યમ જ પસંદ કરી શકો છો.એટલે કે આપ ગુજરાતી માધ્યમ અથવા અંગ્રેજી અથવા હિન્દી અથવા ઉર્દૂ અથવા મરાઠી, વગેરે ઉપલબ્ધ માધ્યમ પૈકી **કોઇપણ એક જ માધ્યમની શાળાઓ પસંદ કરી શકશો**.

૮. **શાળા ફાળવણી કેવી રીતે થશે?**

શાળા ફાળવણી ઠરાવ મુજબ નીચે દર્શાવેલ કેટેગરીનાં અગ્રતાક્રમ મુજબ કરવામાં આવશે.

1) અનાથ બાળક
2) સંભાળ અને સંરક્ષણની જરૂરીયાતવાળુ બાળક
3) બાલગૃહનાં બાળકો
4) બાળમજુર/સ્થળંતરીત મજૂરનાં બાળકો
5) મંદ બુદ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંક અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪(૧)માં દર્શાવ્યા મુજબનાં તમામ દિવ્યાંગ બાળક
6) HIVથી અસરગ્રસ્ત બાળકો
7) ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધ લશ્કરી/પોલિસદળનાં જવાનનાં બાળકો
8) ૦ થી ૨૦ આંક ધરાવતા તમામ કેટેગરી (SC, ST, SEBC, જનરલ તથા અન્ય) ના BPL કુંટુંબના બાળકો
9) અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીના બાળકો
10) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / અન્ય પછાત વર્ગ / વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો

    સદર કેટેગરીમાં વિચરતી અને વિમુક્ત જાતિના બાળકોને પ્રવેશમાં પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

11) જનરલ કેટેગરી/ બિન અનામત વર્ગના બાળકો

દરેક કેટેગરીમાં આપે પસંદ કરેલી પ્રથમ (૧) ક્રમની શાળામાં જગ્યા હશે તો તે શાળા ફાળવવામાં આવશે. જો પ્રથમ (૧) ક્રમની શાળા વધુ અગ્રતા વાળા બાળકોથી ભરાઈ ચુકી હશે તો બીજા (૨) ક્રમની શાળા ફાળવવામાં આવશે. આમ આપે પસંદ કરેલી શાળાઓ પૈકી પસંદગી ક્રમ મુજબ શાળા ફાળવાશે. જો પસંદ કરેલ કોઈ પણ શાળામાં જગ્યા ખાલી નહીં હોય તો પ્રવેશ મળી શકશે નહીં.

**આથી શાળા પસંદ કરતી વખતે ઘરથી શાળાનું અંતર, શાળાનું સરનામું, શાળાનું માધ્યમ વગેરે ચકાસી વધારે સંખ્યામાં શાળાઓ પસંદગી કરવી હિતાવહ છે. જેથી, પ્રવેશ મળવાની શક્યતા વધુ રહે છે.**

## ૯. મને કઈ શાળામાં પ્રવેશ મળશે?

આપની કેટેગરીની અગ્રતાક્રમ અને આવકની અગ્રતા મુજબ તથા શાળાના પસંદગી ક્રમ મુજબ આપને પ્રવેશ ફાળવામાં આવશે. જો આપની પસંદગીની ક્રમ નં ૧ ની શાળા ની સીટો ભરાઇ ગઇ હશે તો ક્રમ નં ૨ ની શાળામાં પ્રવેશ મળશે. અને જો ક્રમ ૨ની શાળાની સીટો ભરાઈ ગઈ હશે તો ક્રમ ૩ની શાળામાં પ્રવેશ મળશે. આમ ક્રમશઃ આવતી શાળાઓમાં પ્રવેશ ફાળવવામાં આવશે.

## ૧૦. મારે કેટલી શાળાઓ પસંદ કરવી જોઈએ?

વધુમાં વધુ શાળા પસંદ કરવી હિતાવહ છે. વધુ શાળા પસંદ કરવાથી પ્રવેશ મળવાની શક્યતા વધે છે. દા.ત. આપ જો કુલ ૧ અથવા ૨ શાળા પસંદ કરશો અને તેની સીટો ભરાઇ જશે તો આપ પ્રવેશથી વંચિત રહેશો.

આથી નજીકનાં વિસ્તારની વધુ શાળાઓ પસંદ કરવી તથા શાળાઓની પસંદગીમાં પસંદગીક્રમ આપની અનુકુળતા મુજબનો હોય તેનુ ધ્યાન રાખવું.

કેટલાક વાલી શાળાઓની પસંદગીનો ક્રમ આપવાનો ભુલી જાય છે. જે યોગ્ય નથી. આથી, શાળાઓની પસંદગી યોગ્ય ક્રમમાં કરવી આવશ્યક છે. ભળતા નામવાળી બીજી શાળા પસંદ ન થઈ જાય તે માટે શાળાનું સરનામું ચકાસીને જ શાળા પસંદ કરવી.

## ૧૧. વધુમાં વધુ કેટલી શાળા પસંદ કરી શકાય?

શાળા પસંદ કરવા માટે કોઇ મહત્તમ સીમા નથી. આપના રહેઠાણથી ૬ કિમી વિસ્તાર સુધીમાં આવેલી શાળાઓ પૈકી આપ ચાહો એટલી શાળા પસંદ કરી શકો છો. વધુમાં વધુ શાળા પસંદ કરવી હિતાવહ છે. પરંતુ આપના બાળકની ઉંમરને ધ્યાને લઈ શાળાએ આવવા જવામાં સરળતા રહે તેવી નજીકની શાળાઓ ક્રમાનુસાર પસંદ કરી બાળક માટે હિતાવહ છે.

## ૧૨. ફોર્મ ભર્યા પછી ભૂલ જણાય તો શુ કરવું..?

જયાં સુધી આપ confirm (કન્ફર્મ) નહી કરો ત્યાં સુધી ગમે તેટલી વાર ફોર્મ Edit(સુધારો) કરી શકશો. એક વાર કન્ફર્મ થયા બાદ તે ફોર્મ Edit થઇ શકશે નહી, પરંતુ આપ નવુ ફોર્મ ભરી શકો છો. નવું ફોર્મ ભર્યા બાદ આપનું જુનું ફોર્મ રદ થઇ જશે અનેઆપને SMS થી જાણ પણ કરવામાં આવશે.ફોર્મ ભરતી વખતે કેટેગરી , શાળાનું માધ્યમ વગેરે અગત્યની તમામ વિગતો લખવામાં ભૂલ ન થાય તેની ખાસ કાળજી રાખવી.

## ૧૩. ફોર્મ ભર્યા બાદ કયાં જમા કરાવવું.?

ફોર્મ ભર્યા બાદ તેની પ્રિન્ટ લઇ અને જરૂરી આધાર પુરાવાની નકલ જોડી સ્વીકાર કેન્દ્ર (receiving center) પર જમા કરાવવાનું છે. આપની સગવડ માટે ફોર્મ ની પ્રિન્ટ માં નજીકના ૧૦ સ્વીકાર કેન્દ્રોની યાદી જોવા મળશે. ત્યાં તથા ૧૦ સ્વીકાર કેન્દ્ર સિવાયના અન્ય કોઇ પણ સ્વીકારકેન્દ્ર પર અરજી જમા કરાવી શકો છો. સ્વીકાર કેન્દ્રો ની યાદી નીચે દર્શાવેલ લીંક પરથી મેળવી શકો છો. http://www.rtegujarat.org/Home/ReceivingcenterList

## ૧૪. પ્રવેશ મળ્યો છે તેની જાણ કેવી રીતે થશે.?

આપે દર્શાવેલ મોબાઇલ નંબર પર SMS દ્વારા આપને જાણ કરવામાં આવશે. નેટવર્ક પ્રોબ્લેમ ના કારણે કોઇ વાર SMS ના પણ મળે તેથી આપે વખતોવખત વેબપોર્ટલ http://www.rtegujarat.org અથવા https://rte.orpgujarat.com જોતા રહેવું. અરજી કન્ફર્મ થયા બાદ આપ કોઇ પણ સમય પર આપનો અરજી નંબર અને જન્મ તારીખ એન્ટર કરી પ્રવેશ ની સ્થિતિ જોઇ શકો છો. આપને પ્રવેશ મળ્યાની જાણ થયા બાદ તુરંત **જ જે તે શાળામાં જરૂરી આધાર સાથે શાળાના સમયે પહોચી જઇ પ્રવેશ મેળવી લેવો. જણાવેલ સમયમર્યાદામાં આપ પ્રવેશ નહિ મેળવો તો આપનો પ્રવેશ રદ થઇ જશે અને પછીના ક્રમના બાળકને ફાળવણી થઇ જશે.**

## ૧૫. ઓન લાઇન ફોર્મ ક્યાંથી ભરી શકાશે.?

ઓનલાઇન ફોર્મ ઇન્ટરનેટ કનેક્શનની સુવિધાવાળા કમ્પ્યુટરથી તથા મોબાઈલ પર પણ સીધા ભરી શકાશે. ઉપરાંત વેબસાઇટ ઉપર આવેલ આપના જિલ્લાના/મહાનગર પાલિકાના સ્વીકાર કેંદ્રો પરથી ભરી શકાશે. કોઇપણ જગ્યાએથી ફોર્મ ભરતા હોય પણ તેમાં આપની કેટેગરી , શાળા, માધ્યમ વગેરે તમામ માહિતીની ચોકકસાઇ કર્યા બાદ જ ફોર્મ કન્ફર્મ કરવું.

આપ મોબાઈલ એપ દ્વારા પણ ફોર્મ ભરી શકો છો.

જો આપ ઓનલાઇન ફોર્મ ના ભરી શકતા હો તો વેબસાઇટ www.rtegujarat.org અથવા https://rte.orpgujarat.com પરથી ઓફલાઇન ફોર્મ ભરી અને સ્વીકાર કેન્દ્ર પર જઇ શકો છો. સ્વીકાર કેન્દ્ર આપને ઓનલાઇન ફોર્મ ભરી આપશે.

## ૧૬. ઓનલાઈન પ્રવેશ ફાળવ્યા બાદ શું કાર્યવાહી કરવી?

ઓનલાઈન પ્રવેશ ફાળવ્યા બાદ આપે જણાવેલ સમય મર્યાદામાં જે તે શાળામાં જરૂરી આધાર પુરાવા સાથે પ્રવેશ મેળવી લેવાનો રહેશે. જો સમય મર્યાદામાં આપ જે તે શાળામાં રૂબરૂ જઈ પ્રવેશ નહિ મેળવો તો જણાવેલ સમય મર્યાદા બાદ પછીનાં ક્રમનાં વિદ્યાર્થીને પ્રવેશ ફાળવી દેવામાં આવશે અને આપનો પ્રવેશ રદ થઈ જશે. ત્યારબાદ આપની કોઈ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. જેથી સમયસર પ્રવેશ મેળવી લેવો આપના હિતમાં છે.

## ૧૭. શાળા પ્રવેશ આપવાની ના પાડે તેવી સ્થિતિમાં શુ કરશો?

ઓનલાઈન પ્રવેશ ફાળવ્યા બાદ જરૂરી આધાર-પુરાવા સાથે જે તે શાળાનો શાળા સમયે સંપર્ક કરવાનો રહેશે. જે તે શાળા તમારી પાસે જરૂરી આધાર-પુરાવા માંગશે. તમો જરૂરી અધાર-પુરાવા રજૂ કરતા હોય તો પણ શાળા પ્રવેશની ના પાડે તો તાત્કાલિક જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી / (મહાનગરપાલિકા વિસ્તારની શાળા માટે જિલ્લા શિક્ષણાધિકારીને મળવું)ની કચેરી ખાતે રૂબરૂ જઈ વાંધા અરજી આપવાની રહેશે.

## ૧૮. મારુ બાળક હાલ બીજી પ્રાથમિક શાળામાં ભણે છે તો અરજી કરી શકાય?

આપનું બાળક જો ધોરણ ૧/૨ માં અભ્યાસ કરતું હોય તો આપ અરજી કરી શકશો નહિ. જો નિયમ વિરુધ્ધ અરજી કરશો તો પ્રવેશ રદ થશે અને ફોજદારી કાર્યવાહી થઇ શકે છે.

**૧૯. પ્રવેશ મળ્યાં બાદ શાળામાં કોઈ ફી ભરવાની છે?**

આપનો પ્રવેશ તદ્દન નિઃશુલ્ક (મફત) છે. શાળાને નિયામાનુસાર ચુકવવાપાત્ર રકમ સરકાર દ્વારા શાળાને સીધી ચુકવવામાં આવશે. આ ઉપરાંત આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને દર વર્ષે ડ્રેસ,બુટ,પુસ્તકો,પરિવહન ખર્ચ,સ્કૂલ બેગ અને અભ્યાસને આનુસંગિક વસ્તુઓ ખરીદવા માટે વિદ્યાર્થીદીઠ રૂ.3000/- લેખે સરકારશ્રી દ્વારા સહાય પૂરી પાડવામાં આવે છે.

**૨૦. આવકનો દાખલો ક્યાં સમયનો જોઈશે?**

**૨૦૧૭ પછીનો આવકનો દાખલો ૩ વર્ષ સુધી માન્ય રહેશે.** જુનો આવકનો દાખલો હોય તો મામલતદારશ્રી , તાલુકા વિકાસ અધીકારી અથવા સક્ષમ સત્તાધીકારીનું પ્રમાણપત્ર માન્ય રહેશે. નવો આવકનો દાખલો માત્ર ઈ-ધારા કેન્દ્રનો જ માન્ય ગણાશે.

**૨૧. વિચરતી અને વિમુક્ત જાતિમાં કોનો સમાવેશ થાય છે?**

યાદી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની વેબસાઈટ પર ઉપલબ્ધ ચે.

ગુજરાત રાજ્યમાં વિચરતી જાતિઓની યાદી જોવા નીચે આપેલ લિંક પર ક્લિક કરો: https://sje.gujarat.gov.in/ddcw/showpage.aspx?contentid=1730&lang=Gujarati

ગુજરાત રાજ્યમાં વિમુક્ત જાતિઓની યાદી જોવા નીચે આપેલ લિંક પર ક્લિક કરો:

https://sje.gujarat.gov.in/ddcw/showpage.aspx?contentid=1734&lang=Gujarati